॥ શ્રી મહાવીરાય નમઃ॥

# શ્રી ગ્રેટર બોમ્બે વર્ધમાન સ્થાનકવાસી જૈન મહાસંઘ

સંચાલિત

# માતુશ્રી મણિબેન મણશી ભીમશી છાડવા ધાર્મિક શિક્ષણ બોર્ડ

**Website :** www.jainshikshan.org **E mail :** jainshikshanboard@gmail. com

**૧૧ જાન્યુઆરી ૨૦૨૬** **મહિલા મંડળ** **કુલ ગુણ : ૧૦૦**

**સૂચના : ૧) જે પ્રમાણે સવાલ પૂછ્યા હોય તે જ પ્રમાણે જવાબ લખવા. વાર્તા કે થોકડાના લાંબા જવાબ લખવા નહિ.**
**૨) આપના જવાબ પેપરમાં આપે ઓપન બુક આપી છે કે રેગ્યુલર તે ખાસ લખજો. જેમણે નહીં લખ્યું હોય તેમનો નંબર આવશે તો પણ નંબર આપવામાં નહીં આવે.**

## શ્રેણી – ૧૧

| | | | |
|---|---|---|---|
| STUDENT NAME | | ROLL NO. | |
| DATE OF BIRTH | | MOBILE NO. | |
| OPEN /REGULAR | | WRITER YES/NO | |
| SANGH NAME | | SUPARVISOR SIGN | |
| MAHILA MANDAL | | TOTAL MARKS | |

(૧૫)

**પ્ર.૧ સામાયિક પ્રતિક્રમણના આધારે લખો.**

**(૧) નીચેના પ્રશ્નોના જવાબ લખો.** **(૫)**

૧. જેમાં દેવતા આવે છે તેવા જીવોની જીવાયોનિ લખો. (૨×૨)

**૪૨ લાખ. સાત લાખ પૃથ્વીકાય, સાત લાખ અપ્કાય, દશ લાખ પ્રત્યેક વનસ્પતિકાય, ચાર લાખ તિર્યંચ પંચેન્દ્રિય, ચૌદ લાખ મનુષ્યની જાતિ.**

૨. સાધુપણાની યાદ અપાવનાર શબ્દ કયા છે? મૂળ પાઠ લખો.

**સમણોઽહં, સંજય, વિરય, પડિહય.**

૩. શાતા ગૌરવ કોને કહે છે? (૧)

**સારું આરોગ્ય કે શારીરિક સુખના સાધનો મળવાથી અભિમાન કરવું કે ન મળવા પર તેની ઈચ્છા કરવી.**

**(૨) નીચેના શબ્દોનું માગધી લખીને કયા પાઠમાં આવે છે? તે લખો.** **(૫)**

૧. પોતે કર્મોથી મુક્ત થયેલા **મુત્તાણં** **સામાયિકનો સાતમો પાઠ**

૨. કપટના શલ્યથી **માયા સલ્લેણં** **ચોથું શ્રમણસૂત્ર**

૩. અતિચારોનું **અઇયારસ્સ** **પાંચમું શ્રમણસૂત્ર**

૪. પાટિયું – પાટ આદિ **ફલગ** **બારમું વ્રત**

૫. પરિચય કરવો **સંથવો** **પ્રતિક્રમણનો પાંચમો પાઠ**

**(૩) નીચેના શબ્દોના અર્થ લખીને કયા પાઠમાં આવે છે? તે લખો.** **(૫)**

૧. નિસીહિ **અશુભ પાપક્રિયાને રોકીને** **પ્રતિક્રમણનો ત્રીજો પાઠ**

૨. લોભ **અસંતોષ** **૧૮ પાપસ્થાનકમાં**

૩. છીએ **છીંક ખાવાથી** **૧ લું શ્રમણસૂત્ર**

૪. ન પરિટ્ઠવિયં **પરઠેલ ન હોય તો** **૩ જું શ્રમણસૂત્ર**

૫. ગરિહય **ગર્હા કરીને** **ક્ષમાપના સૂત્ર**

(૫૫)

**પ્ર.૨ (અ) ગુણસ્થાનના આધારે લખો.** **(૪૦)**

**(૧) નીચેના પ્રશ્નોના જવાબ માંગ્યા પ્રમાણે લખો.** **(૧૫)**

૧. અપડિવાઈ અણાહારક ગુણસ્થાન કયા? **તેરમું, ચૌદમું** (૧×૧૦)

૨. આઠમા ગુણસ્થાને કેટલા જીવ હોય? (સંખ્યા લખો.) **૨૦૦ થી ૯૦૦.**

૩. સર્વ લોક કયા ગુણસ્થાન સ્પર્શે? **તેરમું ગુણસ્થાન.**

૪. ચોથા ગુણસ્થાને કઈ ક્રિયા ન હોય? **ઈરિયાવહિયા, મિચ્છાદંસણવત્તિયા.**

૫. સાહરણ દ્વારમાંથી જેનો સમાવેશ વીતરાગીમાં થાય છે તેમાંથી કોનું સાહરણ થઈ શકે નહિ?

**આર્યાજી, અવેદી, અપ્રમત્ત સાધુ, ૧૪ પૂર્વી સાધુ, કેવળી.**

૬. જૈનો આત્માને કેવો માને છે? **અકૃત્રિમ, અખંડ, અવિનાશી, નિત્ય, શરીર વ્યાપક.**

૭. શ્રેણીમાં કયા ચારિત્ર હોય? **સામાયિક, છેદોપસ્થાપનીય, સૂક્ષ્મ સંપરાય, યથાખ્યાત.**

૮. દશમા ગુણસ્થાને બંધ, નિર્જરા, ઉદીરણા અને સત્તા કેટલા કર્મની? (માત્ર સંખ્યા લખો.)

**દશમા ગુણસ્થાને બંધ ૬ કર્મનો, નિર્જરા ૮ કર્મની, ઉદીરણા ૬ કે ૫ કર્મની, સત્તા ૮ કર્મની.**

૯. બીજે ગુણસ્થાને વૈક્રિય શરીરવાળામાં જીવના ભેદ કેટલા?

**નારકી ૧૩ + તિર્યંચ ૫ + મનુષ્ય ૧૫ + દેવ ૧૫૨**

૧૦. સાતમા ગુણ. જીવ કયા કયા કષાયનો ક્ષયો. કરે? **પ્રત્યાખ્યાનાવરણીય ક્રોધ, માન, માયા, લોભ.**

૧૧. ત્રીજા ગુણસ્થાનનું નામ શું છે? તેની વ્યાખ્યા લખી તેના ફળ અને પ્રકૃતિ, કોણ આવી શકે તે લખો. (૫)

**ત્રીજા ગુણસ્થાનનું નામ મિશ્ર ગુણસ્થાન છે. જેમ શ્રીખંડ ખાટાં-મીઠાં સ્વાદવાળો હોય તેમ સમકિત અને મિથ્યાત્વના મિશ્ર પરિણામ હોય તે મિશ્ર ગુણસ્થાન.**

**ફળ : ઉત્કૃષ્ટ દેશે ઉણું અર્ધ પુદ્ગલ પરાવર્તન કાળમાં અવશ્ય મોક્ષ પ્રાપ્ત કરે.**

**પ્રકૃતિ : અનંતાનુબંધી ચાર પ્રકૃતિ અને મિથ્યાત્વ મોહનીયનો ક્ષયોપશમ, સમકિત મોહનીયના ઉદયનો**

**અભાવ અને મોહનીયની બાકીની ૨૨ પ્રકૃતિનો ઉદય હોય છે. સમકિત અને મિથ્યાત્વ બંને તરફથી.**

**(૨) નીચેનામાં કેટલા અને કયા કયા ગુણસ્થાન લાભે?** **(૭)**

૧. ત્રસકાયની અયત્ના **૪, ૧ થી ૪**

૨. માત્ર વેદનીયના પરિષહમાં **બે, સયોગી કેવળી, અયોગી કેવળી**

૩. અનંતાનુબંધી કષાયમાં **બે, પહેલું, બીજું**

૪. અવેદી મોહનીય કર્મના બંધમાં **એક, નવમા ગુણસ્થાનમાં**

૫. દેશથી સામાયિક ચારિત્રમાં **એક, પાંચમું દેશવિરતિ**

૬. જુગલિયામાં ગુણસ્થાન **બે, પહેલું અને ચોથું**

૭. ક્ષયોપશમ સમકિતી પ્રમત્તમાં **ત્રણ, ચોથું, પાંચમું, છટ્ઠું**

**(૩) ખાલી જગ્યા પૂરો.** **(૮)**

૧. આઠમે ગુણસ્થાનેથી પડે તો ...... અને ...... ગુણસ્થાને જાય. **સાતમે, ચોથે**

૨. સિદ્ધમાં ...... અને ...... ભાવ હોય છે. **ક્ષાયિક, પારિણામિક**

૩. ત્રણ કારણ ...... અને ...... ગુણસ્થાનમાં હોય. **પાંચમા, છટ્ઠા**

૪. વિજયંતમાં ...... અને ...... ધ્યાન હોય. **આર્તધ્યાન, ધર્મધ્યાન**

૫. પાંચમા ગુણસ્થાને ...... મિશ્ર યોગ અને ...... મિશ્ર યોગ હોય. **ઔદારિક, વૈક્રિય**

૬. શ્રેણીમાં ...... અને ...... સમકિત હોય. **ઉપશમ, ક્ષાયિક**

૭. નવકારશી સુધીનું તપ ...... ભાવે ...... ચારિત્રપણે જાણે. **વીતરાગ, યથાખ્યાત**

૮. જ્ઞાનાવરણીય કર્મના ઉદયે ...... અને ...... પરિષહ હોય છે. **અજ્ઞાન, પ્રજ્ઞા**

**(૪) મને ઓળખો.** **(૫)**

૧. અમે સાધુ ન હોવા છતાં અમારામાં જીવનો ભેદ એક છે. **મિશ્ર ગુણસ્થાન, દેશવિરતિ ગુણસ્થાન**

૨. પંચેન્દ્રિય ન હોવા છતાં અમારામાં બીજું ગુણસ્થાન છે. **બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચૌરેન્દ્રિય**

૩. સમકિત મોહનીયનું છેલ્લા સમયનું વેદન કરું છું. **વેદક સમકિત**

૪. મારામાં માત્ર ગર્ભજની જીવાયોનિ સાથે અંશથી ચારિત્ર છે. **દેશવિરતિ**

૫. હું જ્ઞાન આદિ ગુણોનું સ્થાન છું. **ગુણસ્થાન**

**(૫) યોગ્ય વિકલ્પ પર ટીક કરો.** **(૫)**

૧. મારામાં માત્ર જ્ઞાનનો ઉપયોગ છે. (યથાખ્યાત, સિદ્ધ, **સૂક્ષ્મ સંપરાય**)

૨. મારી સ્થિતિ સાદિ સાંત છે. (**મિથ્યાત્વ**, સિદ્ધ, દેશવિરતિ)

૩. મારામાં યોગ આત્મા છે. (સિદ્ધ, અયોગી, **સયોગી**)

૪. મારામાં એક માત્ર વજ્રઋષભનારાચ સંઘયણ છે. (ઉપશમ, ક્ષાયિક, **ક્ષપક**)

૫. મારામાં માત્ર શુભ લેશ્યા છે. (પ્રમત્ત, **અપ્રમત્ત**, મિથ્યાત્વ)

**(આ) જીવ પરિણામ પદ – અજીવ પરિણામ પદના આધારે લખો. (૧૫)**

**(૧) નીચેના વાક્યો સાચા છે કે ખોટા? ખોટા હોય તે સુધારીને લખો. (૬)**

૧. સબરસનો સમાવેશ મૂળ રસમાં થાય છે. **ખોટું. સબરસનો સમાવેશ મૂળ રસમાં થતો નથી.**

૨. લોહીમાં ઉત્પન્ન થતા મનુષ્યમાં ૨૧ પરિણામ હોય છે. **સાચું.**

૩. જંબૂદ્વીપ વટ્ટ આકારે છે. **સાચું.**

૪. કાનની બૂટનો સ્પર્શ ગરમ છે. **ખોટું. કાનની બૂટમાં ઠંડો સ્પર્શ છે/કલેજાનો સ્પર્શ ગરમ છે.**

૫. લોટની જેમ ભેદ થાય તે ખંડ ભેદ. **ખોટું. લોટની જેમ ભેદ થાય તે ચૂર્ણ ભેદ/ કટકાની જેમ ભેદ થાય તે ખંડ.**

૬. ચારિત્રના પરિણામ છ છે. **ખોટું. ચારિત્રના પરિણામ સાત છે.**

**(૨) નીચેના પ્રશ્નોના જવાબ માગ્યા પ્રમાણે લખો. (૯)**

૧. મચ્છર અને મહાકાલમાં કેટલા અને કયા પરિણામ હોય? (૪)

**મચ્છરમાં ૨૪ પરિણામ ગતિ – ૧ તિર્યંચ, ઈન્દ્રિય – ૪, કષાય – ૪, લેશ્યા – ૩ પહેલી, યોગ – ૨ વચન, કાય, ઉપયોગ ૨, જ્ઞાન – ૪ ૨ જ્ઞાન, ૨ અજ્ઞાન, દષ્ટિ – ૨ સમકિત, મિથ્યાત્વ, ચારિત્ર – ૧ અવિરતિ, વેદ – ૧ નપું.**

**મહાકાલમાં ૨૬ પરિણામ ગતિ – ૧ દેવ, ઈન્દ્રિય – ૫, કષાય – ૪, લેશ્યા – ૪, યોગ – ૩, ઉપયોગ – ૨, ૩ અજ્ઞાન, દષ્ટિ – ૧ મિથ્યાત્વ, ચારિત્ર – ૧ અવિરતિ, વેદ – ૨ સ્ત્રી, પુરુષ**

૨. માંગ્યા પ્રમાણે જવાબ લખો. ક્ષાયિક સમ. હાથીમાં ચારિત્ર, વર્તમાને મહાવિદેહમાં વેદ, નરકમાં લેશ્યા (૩)

**ક્ષાયિક સમ. હાથીમાં ચારિત્ર – ૧ અવિરતિ**

**વર્તમાને મહાવિદેહમાં વેદ – ૪ સ્ત્રી વેદ, પુરુષ વેદ, નપુંસક વેદ, અવેદી**

**નરકમાં લેશ્યા – ૩ કૃષ્ણ, નીલ, કાપોત**

૩. બે ગુણનું આઠ ગુણ સાથે અને જઘન્ય એક ગુણનું એક ગુણ સાથે બંધન થાય કે નહિ? (૨)

**બે ગુણનું આઠ ગુણ સાથે રૂક્ષનું રૂક્ષ સાથે સ્નિગ્ધનું સ્નિગ્ધ રૂક્ષનું સ્નિગ્ધ સાથે, સ્નિગ્ધનું રૂક્ષ સાથે બંધન થાય.**

**જઘન્ય એક ગુણનું એક ગુણ રૂક્ષનું સ્નિગ્ધ સાથે, સ્નિગ્ધનું રૂક્ષ સાથે, રૂક્ષનું રૂક્ષ સાથે સ્નિગ્ધનું સ્નિગ્ધ સાથે બંધન ન થાય.**

(૧૦)

**પ્ર.૩ સંસ્કાર વિભાગના આધારે એક શબ્દમાં જવાબ લખો.**

૧. મારે શું કેળવી જાત સુધારવી છે? **સમભાવ**

૨. કયો ભાવ છોડવાનો છે? **માલિકી**

૩. સંયમના મનોરથ કરવાથી શું મળે છે? **મોક્ષ**

૪. ધનની મૂડી કરતા શેની મૂડી ઊંચી છે. **સંબંધો**

૫. કોના વ્યવહારથી શાંતિ રહે છે. **પરસ્પર**

૬. કઈ ચીજ મારી નથી ત્યાં એનું અભિમાન શેનું? **નાશવંત**

૭. અભિમાની વ્યક્તિ શું કરે છે? **આત્મપ્રશંસા**

૮. શેની પકડ છૂટતા ક્રોધ કાબુમાં રહેશે. **સમય**

૯. ધર્મ માટે કોણ પોતાના પ્રાણ આપી દે છે? **મહાપુરુષો**

૧૦. શું વધશે તો માન ઘટશે? **સરળતા**

(૧૦)

**પ્ર.૪ વાર્તાના આધારે નીચેના પ્રશ્નોના જવાબ બે શબ્દમાં લખો.**

૧. જહાજ વિવિધ પ્રકારના શેનાથી ભરેલું હતું? **રત્નો, માલ**

૨. માકંદીપુત્રોના નામ શું હતા? **જિનપાલ, જિનરક્ષિત**

૩. મહાશતકની પત્નીઓ કયા ગુણોથી યુક્ત હતી? **સદાચાર, પતિવ્રતા**

૪. ધર્મ કયા કયા છે? **ચારિત્રધર્મ, શ્રાવકધર્મ**

૫. માકંદીય પુત્રો યક્ષની પીઠ પર બેસીને દેવીનું શું ન કર્યું? **આદર, સત્કાર**

૬. મહાશતકે સંથારામાં શેનો ત્યાગ કર્યો? **આહાર, પાણી**

૭. રેવતી માંસ શેકી શેની સાથે કેવા ભાવે સેવન કરતી હતી? **મદિરા, લોલુપ**

૮. રયણાદેવી બંને ભાઈઓને કેવા ફળ આપતી હતી? **સુંદર, મધુર**

૯. રેવતી કઈ નરકના કયા નરકાવાસમાં ઉત્પન્ન થઈ? **રત્નપ્રભા, લોલુપાચ્યુત**

૧૦. રેવતીએ શેનો વિચાર કર્યા વગર બાર શોક્યને મારી નાંખી? **કુળ, ગોત્ર**

(૧૦)

પ્ર.૫ નીચેના કાવ્યની પૂર્તિ કરો.

૧. જ્ઞાનને **ઠોસ કરવા, દુનિયાથી જુદું જીવવું છે. હું તો માનું છું, હું જે સમજું છું.**

જ્ઞાની કહે છે ભ્રમમાં જીવે છે તું, ગુરુકૃપાએ ભ્રમ તોડવા દુનિયાથી જુદું ................................ જીવવું છે.

૨. માથે ................................ માટીની પાળ બનાવી, નાંખી અંગારા દીધા જલાવી,

એવા ગજસુકુમાર, સમરસના ભંડાર ...મહાસંત...ક્યારે થઈશું?

ધન્ય ધન્ય મેતારજ મુનિને, વીંટી વાધર શિર પર કસીને,

................................

ઝીલે સમર્થ સૂર, કર્યા કર્મ ................................ ચકચૂર.

૩. ભૂખ ................................ તરસ ને ઠંડી ગરમી, કેમ કરી સહેવાશે?

૩૩ ૩૩ સાગર, એવા સ્થાને કેમ રહેવાશે?

................................

દાહ જવરની તીવ્ર વ્યથા, ત્યાં કોને હું ................................ બતાવું.

૪. ધર્મને ................................ મેં તો જીવનમાંથી જુદો પાડી દીધો,

ધનપ્રાપ્તિમાં નડે ન એવો, સગવડિયો કરી દીધો,

................................

જીવવું જાણે એવી રીતે, કદી યે ના ................................ મરવાનું.

જય – જિનેન્દ્ર

❋ PLEASE CONATACT DSB HELPLINE NO. 9702277914 FOR FREE ONLINE SHRENI CLASSES.
❋ NEXT CLASS STARTS FEBRUARY 2ND/3RD MONDAY AND TUESDAY.
❋ TO JOIN OUR TELEGRAM GROUP. CONTACT DSB HELPLINE NO. 9702277914.
❋ FOR BOOKS AND EXAM REGISTRATION.